# વિરામચિહ્નો



૧. . પૂર્ણવિરામ

૨. , અલ્પવિરામ

૩. ; અર્ધવિરામ

૪. : ગુરુવિરામ

૫. ? પ્રશ્નચિહ્ન

૬. ! ઉદ્ગારચિહ્ન

૭. ___ ગુરુરેખા

૮. _ લઘુરેખા

૯. ‘ ’ એકવડાં અવતરણ ચિહ્ન

૧૦. “ ” બેવડાં અવતરણ ચિહ્ન

૧ . પૂર્ણવિરામ

સાદા કથનથી વાક્ય પૂરું થતું હોય ત્યાં તેને છેડે પૂર્ણવિરામ મુકાય છે; **જેમ** કે, અમરતકાકીને ઘા અસહ્ય થઇ પડ્યો.

૨ , અલ્પવિરામ

કોઇને સંબોધન કરવાનું હોય, કેવળપ્રયોગી (કેવળ ઉદ્‌ગાર દર્શાવતો અવ્યય)ને વાક્યથી અલગ પાડવાનું હોય, વાક્યની અંદરના વિરામસ્થાન દર્શાવવાનાં હોય, તેમજ સંકળાયેલાં પદો, વાકયખંડો અને પેટાવાક્યની પરંપરા દર્શાવવાની હોય તો ત્યાં અલ્પવિરામ મુકાય છે; **જેમ કે,**

(ક) બાવાજી, કયાં રહેવું?

(ખ) બાપ રે, તમે મા થઇને એને ધકેલી મૂકો છો!

(ગ) દીકરો શનિ-રવિ ઘરે આવતો ત્યારે હાથે હજામત કરતો, અને બેસીને અરીસો રાખવા માટે એક ઈંટ મૂકતો, એનું મોં બરાબર દેખાય એટલે.

૩ ; અર્ધવિરામ

વાક્યની અંદર સંકળાયેલાં પદો, વાક્યખંડો અને પેટાવાક્યોની પરંપરા સૂચવવા અર્ધવિરામ વપરાય છે. વિશેષ કરીને વાક્યોની પરંપરા લાંબી હોય ત્યાં અલ્પવિરામ નહિ પણ અર્ધવિરામ મુકાય છે; **જેમ કે,**

તે જુવાનીમાં હતો; ઉડાઉ હતો; લોકોને ગાંડા કરતો; તેણે અઢળક ધનને પણ અધિક કર્યું હતું; ચંદ્રપુર જઇ હાલની રાજમાતાનું માગું પાટણ લઇ આવ્યો હતો.

૪ : **ગુરુવિરામ**

કોઇ ઉદાહરણ, અવતરણ કે મુદ્દાનું સમાપન દર્શાવવું હોય ત્યારે ગુરુવિરામ મુકાય છે; **જેમ કે,**

(ક) એણે કહ્યું: "લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ..ગાડી ચૂકી જઇશું."

(ખ) તેના જીવનની બે નેમ હતી: પિતાની શોધ અને તેના દેશનું ઐક્ય.

૫ ? **પ્રશ્નચિહ્ન**

પ્રશ્નાર્થ વાક્યને અંતે મુકાય છે; **જેમ કે**, તમે કીર્તિદેવને ક્યાંથી ઓળખો?

૬ ! **ઉદ્‌ગારચિહ્ન**

ઉદ્‌ગારવાક્યને અંતે ઉદ્‌ગારચિહ્ન મુકાય છે. ઉદ્‌ગાર કેવળપ્રયોગી અને સંબોધન પછી પણ મુકાય છે; **જેમ કે,**

ભૂંડી ! નથી આપણ જીવવાનાં કે આ મા'જનેય ! ત્યારે શું કામ ભૂંડી, આ મરતી ઘડીએ કણબીના છોકરા પાસે હાથ ધરાવે છે! ના, ના, રાજુ!

૭ __ **ગુરુરેખા**

કહેવાનું અધૂરું છોડી દેવામાં આવે, પર્યાયરૂપે કંઇ કથન કરવાનું હોય કે કહેતાં કહેતાં કંઇ ઉમેરવાનું હોય ત્યારે ગુરુ રેખા મુકાય છે; **જેમ કે,**

(ક) જાનબાઇ : ભલે ચડી ધીસત __

વાહણ : પણ મા! મારી નોકરી __

(ખ) પણ હવે કંઇક __ તમાચા જેવું __ આપવાનું મન થાય છે ખરું.

૮ — લઘુરેખા

લઘુરેખા શબ્દના ઘટકોને જુદા પાડી બતાવવા મુકાય છે; જેમ કે,
સાધુ-સમાજ, બંડી-ટોપી-ઝોળી, વગેરે.

૯ ' ' એકવડાં અવતરણ ચિહ્ન

અવતરણ ચિહ્ન સાહિત્યકૃતિનાં કે એવાં નામો દર્શાવવા, કોઇ શબ્દ તરફ ધ્યાન ખેંચવા કે એના પર ભાર મુકવા તથા ઉક્તિ કે અવતરણ રજૂ કરવા વપરાય છે, અવતરણ ચિહ્ન એકવડાં કે બેવડાં ગમે તે રીતે મુકાય છે; જેમ કે,

પંડિતજી 'પરિચય ટ્રસ્ટ'ના પ્રમુખ.

૧૦ " " બેવડાં અવતરણ ચિહ્ન

અવતરણ ચિહ્ન એકવડાં કે બેવડાં ગમે તે રીતે મુકાય છે; જેમ કે,

મેં "અધ્યાત્મ-વિચારણા" અને "ભારતીય તત્વવિધા" એ બે પુસ્તકો વાંચેલાં.

"તમે કંઇ જમ્યા?" નંદુએ પૂછ્યું.